આત્મા છું.

આત્મા છું  આત્મા છું

હું દેહાદિ સ્વરૂપ નથી
ને સ્ત્રી પુત્ર આદિ મારાં નથી
હું શુદ્ધ ચૈતન્ય અવિનાશી એવો આત્મા છું.

આત્મા છે તે નિત્ય છે
છે કર્તા નિજ કર્મ
છે ભોક્તા વળી મોક્ષ તે
મોક્ષ ઉપાય સુધર્મ રે.... આત્મા છું.

છૂટે દેહાધ્યાસ તો નહિ કર્તા તું કર્મ
નહિ ભોક્તા તું તેહનો (૨)
એજ ધર્મનો મર્મ રે.... આત્મા છું.

એજ ધર્મથી મોક્ષ છે તું છો મોક્ષ સ્વરૂપ
અનંત દર્શન જ્ઞાન તું પ્રભુ
અવ્યાબાધ સ્વરૂપ રે.... આત્મા છું.

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ
બીજું કહીએ કેટલું અરે
કર વિચાર તો પામ રે.... આત્મા છું.

અહો અહો શ્રી સદ્ગુરુ કરુણાસિંધુ અપાર
આ પામર પર પ્રભુ કર્યો એવો.
અહો અહો ઉપકાર રે.... આત્મા છું.

....(2)

આત્મા છું. 

શું પ્રભુ ચરણકમળે ધરું આત્માથી સૌ હીન
તે તો પ્રભુએ આપીઓ
વર્તું ચરણાધીન રે... આત્મા છું.

આ દેહાદિ આજથી વર્તો પ્રભુઆધીન
દાસ દાસ હું દાસ છું અરે..
આપ પ્રભુનો દીન રે... આત્મા છું.

ષટ્સ્થાનક સમજાવીને ભિન્ન બતાવ્યો આપ
મ્યાનથકી તરવારવત્ એનું..
એ ઉપકાર અમાપ કૃપાળુ... આત્મા છું.

જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત
સમજાવ્યું તે પદ નમું પ્રભુ
શ્રી સદ્ગુરુ ભગવંત રે... આત્મા છું.

પરમપુરુષ પ્રભુ સદ્ગુરુ પરમજ્ઞાન સુખધામ
જેણે આપ્યું ભાન નિજ
તેને સદા પ્રણામ .... આત્મા છું.

દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત
તે જ્ઞાનીનાં ચરણમાં... પ્રભુ
હો વંદન અગણિત રે... આત્મા છું.

આત્મા છું આત્મા છું..